# મનપા ૨.૭૪ કરોડના સાધનો ખરીદશે

## મીકેનીકલ બ્રાન્ચ દ્વારા રજુ થયેલા ટેન્ડરો થકી ખરીદી કરાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિએ આજે મનપાની મીકેનીકલ બ્રાન્ચ દ્વારા પાંજરા, ટ્રેક્ટર, મોબાઈલ ટોયલેટ અને ડૉગ કંટ્રોલ વાહનોની ખરીદી



માટે રજુ થયેલા ટેન્ડરોને બહાલી આપી છે.

ચેરમેન જસવંતભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલ સ્થાયી સમિતિની આજની બેઠકમાં મિકેનીકલ શાખા દ્વારા પાંચ જેટલા અલગ અલગ ટેન્ડરો ખરીદીના મંજૂરી માટે રજુ થયા હતા. અંદાજે રૂ. ૨ કરોડ ૭૪ લાખથી વધુ ખરીદીના આ ટેન્ડરો જનતાની સેવા વધુ સારી રીતે થઈ શકે તેમ હોઈ તેને મંજૂર કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

### એડવાન્સ ટેક્ષ ભરનારાઓને ૧૦ ટકા વળતરની યોજના ૧૫ દિવસ લંબાવાઈ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ એડવાન્સ ટેક્ષ ભરનારને ૧૦ ટકા વળતરની યોજના આગામી ૧૫ જૂન સુધી લંબાવવાનો નિર્ણય કરેલ છે.

મનપાની હદ વધારવામાં આવ્યા બાદ કરાયેલા સર્વેમાં રહેલી ક્ષતિઓ અંગેની ફરિયાદોને ધ્યાને લેવામાં આવી હોવાનું ચેરમેન જસવંતભાઈ પટેલે સ્વીકાર્યુ હતુ.

તેમણે કહ્યુ કે આ યોજનાનો લાભ વધુ લોકો લઈ શકે તે હેતુ છે. જે ફરિયાદો મળી છે તેમાંથી ૮૦ ટકા ફરિયાદોનો નિકાલ જરૂર થઈ ગયો છે પરંતુ પુનઃ આ અંગેનું પુનરાવર્તન ના થાય તે જોવાશે.

તેમણે જણાવ્યુ હતુ કે આ પ્રજાહિતમાં અમે મહત્વનો નિર્ણય કરી ૧૫ દિવસની મુદત વધારવાનો નિર્ણય લીધો છે. તેમણે જણાવ્યુ હતુ કે આ યોજનાની આજે મુદત પૂરી થતી હતી પરંતુ આજથી જ મુદત વધારાનો અમલ થશે.

### ફિક્સ પેટ્રોલ એલાઉન્સને બદલે ૧૫ લિટર પેટ્રોલની રકમ અપાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મનપામાં વિવિધ પ્રકારની ફિલ્ડ ડ્યુટી કરતા અધિકારી-કર્મચારીઓને ફિક્સ પેટ્રોલ એલાઉન્સ રોકડમાં ચુકવવાને બદલે ૧૫ લિટર પેટ્રોલની રકમની મહત્તમ મર્યાદામાં ચુકવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મનપાની આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. મનપામાં અંદાજે ૬૦ જેટલા અધિકારીઓ કર્મચારીઓ ફિલ્ડ ડ્યુટી કરી રહ્યા હોવાનું ચેરમેને પત્રકારોના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ.

# ...જ્યારે મનપાની સ્થાયિ સમિતિએ ૨.૬૦ કરોડના ટેન્ડર રદ કર્યા

## મનપાની સ્થાયી સમિતિએ રૂ. ૨.૬૦ કરોડની ખરીદીના ૭ ટેન્ડરો રદ કર્યા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિએ આજે એક સાથે ૭ ટેન્ડર ના મંજૂર કરવાનો નિર્ણય લીધો છે.

ચેરમેન જસવંતભાઈ પટેલના અધ્યક્ષપદે આજે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં આજે ૩૨ જેટલા મુદ્દાઓનો એજન્ડા હતો. જે પૈકી ૧૪ જેટલા કામો તો ખરીદીને લગતા હતા. સ્ટોર શાખા દ્વારા રજુ થયેલા અંદાજે રૂ. ૨.૬૦ કરોડના ૭ ટેન્ડરો ખરીદીના હતા તે નામંજૂર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં ચેરમેન જસવંતભાઈ પટેલે જણાવ્યુ હતુ કે સ્ટોર શાખા દ્વારા કોમ્પ્યુટર, ખુરશી, સાઉન્ડ સિસ્ટમ, તિજોરી, સંગીતના સાધનો, વૉટરકુલર, આર.ઓ. પ્લાન્ટની ખરીદી માટેના ટેન્ડરો મંજૂરી માટે રજુ થયા હતા પરંતુ તાજેતરમાં સ્ટોર શાખામાંથી જે રીતે પ્રકરણ ગેરરીતિનું બહાર આવ્યું છે તેને ધ્યાને રાખી આ ટેન્ડરો રદ કરવાનો નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો હતો.

તેમણે જણાવ્યુ હતુ કે આ ગેરરીતિ પ્રકરણમાં શંકાના દાયરામાં આવેલ મહિલા કર્મચારીની કંપની પાસેથી જ ખુરશી ખરીદવાની થતી હતી તેથી સમિતિએ ટેન્ડર જ રદ કરવાનો નિર્ણય કર્યો છે.

પત્રકારોના એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતુ કે માઝી ગૃપ પાસેથી અત્યાર સુધીમાં ચાર લાખથી વધુ કિંમતની વસ્તુઓ ખરીદવામાં આવી છે. આ માટે આ કંપનીને બ્લેક લીસ્ટ કરવાની કાર્યવાહી કરવા માટેની ચર્ચાઓ પણ થઈ હતી.

તેમણે જણાવ્યુ હતુ કે મનપા દ્વારા આ ગેરરીતિ પ્રકરણમાં તપાસ અધિકારીને તપાસ સોંપવામાં આવી છે અને તેનો અહેવાલ મળી ગયા પછી તે પ્રકરણમાં સંડોવાયેલાઓને ચાર્જશીટ આપવા ઉપરાંત કાનૂની રાહે પગલાં લેવા માટે વિચારણા કરવામાં આવશે.

જસવંતભાઈ પટેલે જણાવ્યું હતુ કે તંત્રએ હવે સ્ટાન્ડર્ડ કંપનીઓ પાસેથી જ વસ્તુઓ ખરીદવામાં આવશે એટલુ જ નહિ પણ ખરીદીની બાબતને વધુ પારદર્શન બનાવવામાં આવશે. તેમણે કહ્યુ કે ડિસે. ૨૧માં કરવામાં આવેલ પરિપત્રની સૂચનાનું પાલન પણ ખરીદી માટે કરવામાં આવશે.

# જુના કોબામાં પાણી માટે નવુ નેટવર્ક ઉભુ કરાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગરપાલિકાએ આજે શહેરમાં સમાવિષ્ટ જુના કોબા ગામમાં પાણીની પાઈપલાઈનનું નેટવર્ક નવેસરથી ઉભી કરવા માટેની રૂ. ૩.૭૦ કરોડની યોજનાને બહાલી આપી છે.

આજે ગાંધીનગર મહાનગરપાલિકાની મળેલ સ્થાયી સમિતિમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શેહરી વિકાસ યોજના અંતર્ગત પ્રાપ્ત થયેલ ગ્રાન્ટમાંથી આ કામગીરી કરવાનો નિર્ણય લઈ તેની મંજૂરી માટે આખો પ્રોજેક્ટ મ્યુનિ. ફાયનાન્સ બોર્ડને મોકલી આપવામાં આવેલ છે.

તેમણે જણાવ્યુ હતુ કે આજે મેયરની ગ્રાન્ટમાંથી ડસ્ટબીનની ખરીદી કરવા માટે કમિશનર દ્વારા નેગોશિયેન થયા બાદ ૪૦ હજાર ડસ્ટબીન રૂ. ૪૦,૨૭,૧૧૮ના ખર્ચે ખરીદવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં ૨૦ હજાર વાદળી અને ૨૦ હજાર લીલા રંગના ડસ્ટબીન ખરીદવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે ગાંધીનગર શહેરને ગ્રીનસીટીનું બિરૂદ પરત મળે તે માટે મિલીયન વૃક્ષોના વાવેતર માટે કુંડા, બેગ, ગ્રીનનેટની ખરીદી કરવાના ટેન્ડરને પણ બહાલી આપવામાં આવેલ છે.

આ ઉપરાંત શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં પાણીના વિતરણનું નેટવર્ક અને તેની જાળવણી કરવાના ત્રણેય ટેન્ડરોને મંજૂર કરવામાં આવ્યા છે.

ચેરમેને જણાવ્યુ હતુ કે આ એજન્સીઓએ ફરિયાદ મળેથી તેનો નિકાલ ૪૮ કલાકમાં જ કરવાનો રહેશે અને જો ૪૮ કલાકમાં નિકાલ નહિ થાય તો રૂ. એક હજારની પેનલ્ટી એજન્સીને કરવામાં આવશે.

ચેરમેને જણાવ્યુ હતુ કે નાના-મોટા કામો માટે ૭ કોન્ટ્રાક્ટરોની પેનલ બનાવવાની દરખાસ્તને પણ મંજૂરી આપવામાં આવી છે. આ કોન્ટ્રાક્ટરો પાસે ૭૦૦ જેટલા નાના-મોટા કામો કરાવવામાં આવશે.



જ્યાં આખા શહેરની સમસ્યાઓ ઉકેલવાની આશા-અપેક્ષા હોય તે કચેરી જ સમસ્યાઓથી ઘેરાયેલી નજરે ચઢે છે. ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરીના પાર્કિંગમાં જ ગટર ઉભરાય છે. અહીં એટલુ બધુ ગંદુ પાણી એકત્ર થાય છે કે પાર્કિંગમાંથી વાહનો કાઢવાની પણ તકલીફ પડે છે. મનપાની કચેરીમાં જ આ હાલ હોય તો સેક્ટરોમાં અન્ય સ્થળોએ કેટલી કેટલી સમસ્યાઓ હશે તે વિચારવા જેવું છે.

# કલોલના નાંદોલી ગામે કોરોનાનો એક કેસ નોંધાયો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાનો એક કેસ નોંધાયો છે જ્યારે ગાંધીનગર શહેરમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક સપ્તાહથી પણ વધુ સમય બાદ કોરોનાનો એક કેસ કલોલ તાલુકામાંથી મળ્યો છે. કલોલ તાલુકાના રાંચરડા પ્રા.આ. કેન્દ્રની હકુમતમાં આવતા નાંદોલી ગામેથી એક વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે આ દર્દી ઉત્તરાખંડના પ્રવાસે ગયો હતો અને ત્યાંથી પરત ફર્યા બાદ તાવ સહિતના અન્ય લક્ષણો જણાતાં કોરોનાનો રિપોર્ટ કરાવતાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વિકાર્યો છે. આ દર્દીના સંપર્કમાં આવેલ ૩ વ્યક્તીઓને હોમ આઈસોલેટ તંત્ર દ્વારા કરવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક સપ્તાહથી પણ વધુ સમય બાદ કેસ નોંધાયો છે. તંત્રએ સઘન સર્વેલન્સ તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે માટે સૂચનાઓ આપી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ટેસ્ટીંગનું પ્રમાણ વધારવા પર તંત્રએ ભાર મુક્યો છે.

જ્યારે રાજ્યમાં કોરોનાના નવા ૩૪ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૨૬ દર્દીઓ સાજા પણ થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૯૯૭ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૯ ટકા સુધી પહોંચી ચુક્યો છે. બીજી તરફ કોરોનાના રસીકરણ મુદ્દે પણ સરકાર મજબુતીથી લડી રહી છે.

# ચોમાસામાં માર્ગો પર ગાબડાની ફરિયાદો ડામવા ગુડાએ પાણી પહેલા પાળ બાંધી

**ગુડા વિસ્તારના અંદાજિત ૧૦૦ કીમીના રોડ નેટવર્કને અનુલક્ષી ફરિયાદોનો ત્વરિત નિકાલ આવશે : ગુડાએ બે એજન્સીને નિયત કરી દોઢ વર્ષ માટે માર્ગોની મરામત કરવાનુ કામ સોંપ્યુ**

ગાંધીનગર તા ૩૦

આગામી વરસાદી દિવસોમાં ગુડા વિસ્તારમાં માર્ગો પર ગાબડા કે નાના મોટા ખાડા અસ્તિત્વમાં આવશે તો ફરિયાદનો ત્વરિત નિકાલ આવી જાય તેવી વ્યવસ્થા ગુડા દ્વારા કરી દેવામાં આવી છે. આ માટે ગુડાએ વિવિધ બે એજન્સીને કામ સોંપી દીધુ છે. ગુડા વિસ્તારમાં આગામી દોઢ વર્ષ માટે વાહનચાલકો સહીત રહીશોએ હાલાકી વેઠવી ન પડે તે માટે ગુડાએ વરસાદી દિવસો પુર્વે અલબત્ત પાણી પહેલા પાળ બાંધી દીધી છે. જે અન્વયે અંદાજિત ગુડા વિસ્તારનુ ૧૦૦ કી મી નુ રોડ નેટવર્ક આવરી લેવાશે

એસ જી હાઈવેની ઉત્તર અને દક્ષિણ બન્ને બાજુ અંદાજિત ૨૨ જેટલી ટી પી સ્કીમ ગુડા કક્ષાએથી તૈયાર કરાઈ છે. જયારે આ બન્ને બાજુ અંદાજિત ૧૦૦ કી મીનુ રોડ નેટવર્ક પણ ઉભુ કરાયુ છે. જયારે ગુડા વિસ્તારમાં આમ પણ છેલ્લા ઘણાં સમયથી માર્ગોની સુધારણા તેમજ માર્ગ નિર્માણના કામો પ્રભાવિત થયા છે.ત્યારે હાલ પણ મોટાભાગના રસ્તાઓ ચકાચક સ્થિતિમાં નથી આવા સંજોગોમાં વરસાદી દિવસો પણ નજીકમાં છે. ત્યારે માર્ગો પર ગાબડા પડવાની સાથે અનેક ઠેકાણે ભંગાણ થવાની ફરિયાદો પણ સતત ઉઠતી રહેશે તેમ પણ સ્પષ્ટ થઈ રહ્યુ છે. જયારે વરસાદી દિવસોમાં આમ નાગરિકોને કોઈ પણ હાલાકી વેઠવી ન પડે તે માટે ગુડાએ આ વર્ષે આગોતરુ આયોજન કરી દીધુ છે. ગત ચોમાસા દરમિયાન પણ ગુડા વિસ્તારમાં ઠેર ઠેર માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો થવાની સાથે માર્ગો પર મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવતા હોવાની ફરિયાદો વિશેષ રીતે ઉઠવા પામી હતી જેના લીધે સ્થાનિકોમાં રો પ્રવર્તયો હતો. આ વર્ષે થોડા સમયમાં વિધાનસભાની ચુંટણી પણ આવી રહી છે. ત્યારે આમ નાગરિકોને પડતી હાલાકી તરફ તંત્રનુ ધ્યાન સ્વાભાવિક રીતે જ વિશેષ કેન્દ્રીત થયુ છે. જેને અનુલક્ષી ગુડા વિસ્તારમાં રોડ નેટવર્કની દરકાર લેવા દોઢ વર્ષના સમયગાળાને ધ્યાનમાં રાખી આયોજન કરી દેવાયુ છે. જયારે ગુડા વિસ્તારમાં વરસાદી દિવસો દરમિયાન માર્ગોની દરકાર લેવા માટે વિવિધ બે એજન્સીને કામ સોંપવામાં આવ્યુ છે. જયારે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ પણ નિયત કરાયો છે. આ આયોજનના અંતે ગુડા વિસ્તારના રહીશોને પણ સાનુકુળતા રહેશે અલબત્ત પ્રમાણમાં હાલાકી ઓછી વેઠવી પડશે તેમ પણ ગુડાના તંત્રનુ માનવુ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# ઉદ્યોગ ભવન પાસે ગંદકીનું સામ્રાજ્ય

ગાંધીનગર તા. ૩૦

એક તરફ ગાંધીનગરને 'સ્માર્ટ સિટી' બનાવવા મથામણ કરવામાં આવી રહી છે અને તે સાથે શહેર સ્વચ્છતા સર્વેક્ષણમાં સ્વચ્છ પાટનગરનું બિરુદ મેળવે છે પરંતુ હકીકત જોઈએ તો હાલ શહેરમાં સ્વછતા બાબતે એવી પરિસ્થિતિ છે કે શહેરની કલેક્ટર કચેરી, ડિસ્ટ્રિક્ટ કોર્ટ અને મહાનગરપાલિકા સહિત જેની તદ્દન નજીકમાં છે તેવાં અને વિવિધ સરકારી વિભાગો તેમજ બોર્ડ-નિગમોની કચેરીઓ ધરાવતાં ઉદ્યોગ ભવનની બાજુમાં જ એટલી ગંદકી છે કે જાણે મિની ડમ્પિંગ સાઈટ જ બની જવા પામી છે.

ગાંધીનગરના સે.૧૧માં ઉદ્યોગ ભવન પાસે પારાવાર ગંદકીનું સામ્રાજ્ય ખદબદી રહ્યું છે જેના કારણે આ વિસ્તારમાં માખી મચ્છરોનો ઉપદ્રવ વધી જવા પમ્યો છે અને રોગચાળો ફેલાવાની શક્યતા સર્જાવા પામી છે. ખૂબ જ ભીડભાડ અને મુલાકાતીઓની ભારે અવરજવર ધરાવતા ઉદ્યોગ ભવન નજીકના સ્થળે ઉદ્યોગ ભવન ખાતેની કચેરીઓમાંથી જ કચરો બાજુના ખુલ્લાં પ્લોટમાં નાંખવામાં આવે છે. આ ગંદકીમાં ઉદ્યોગ ભવનની કચેરીઓમાં કોઈ કારણોસર યોજાતાં નાના-મોટા પ્રસંગોએ કરાવવામાં આવતાં ભોજન સમારંભ કે પેકેટ ફુડનો એંઠવાડ પણ આ ઢગલાંમાં ખડકવામાં આવી રહ્યો છે જેના કારણે દુર્ગંધયુક્ત માહોલ સર્જાઈ રહ્યો છે. આમ તો ત્યાં મોટી કચરાપેટી મુકેલી છે પરંતુ તેમાંથી કચરો ઉઠાવાતો નથી. અહીં ફેલાયેલી જોખમી ગંદકીને સત્વરે દુર કરવામાં આવે અને ફરી આ પરિસ્થિતિ ના સર્જાય તે માટે યોગ્ય પગલાં ભરવા જરૂરી જણાઈ રહ્યું છે.

**સ્વચ્છ પાટનગરની ખુલતી પોલ**



# ટીપી-૯માં સ્ટોર્મ વોટર લાઇનની કામગીરી અધુરી : રસ્તાના કામમાં પણ વિલંબ થશે

**આ વિસ્તારની ટોપોગ્રાફીના લીધે વરસાદી સ્ટોર્મ વોટર લાઇન પણ એસ જી હાઇવે નીચેથી પસાર કરવા કામ હાથ ધરાશે જેમાં સમય લાગશે જેથી વાસણા હડમતિય, તારાપુર, વાવોલ ઉવારસદ સહીતના વિસ્તારમાં વરસાદી પાણીની સમસ્યાનો આ ચોમાસામાં હલ આવશે નહી**

ગાંધીનગર તા ૩૦

ન્યુ ગાંધીનગરના વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ અધુરુ છે. વાવાલ સરગાસણ , તારાપુર, વાસણા હડમતિયા સહીતના વિસ્તારમાં હજુ આ કામગીરી પુર્ણ થઈ નથી જયારે ટી પી સ્કીમ નં -૯ માં ભૌગોલિક સ્થિતિને અનુલક્ષી એસ જી હાઈવે નીચેથી લાઈન પસાર કરવી પડે તેવી સ્થિતિ છે જયારે આ કામ હાથ ધરવામાં હજુ સમય લાગે તેમ છે. અવા સંજોગોમાં આ વિસ્તારમાં માર્ગોનુ કામ પણ હાલ થઈ શકે તેમ નથી.

શહેરમાં માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ હોવાછતા શહેર નજીક સ્થિત નવ વિકસિત વિસ્તારમાં સમાવિષ્ટ વાસણા હડમતિયા સરગાસણ , ઉવારસદ , તારાપુર અને વાવોલ વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઈનનુ કામ હાલ પણ અધુરુ છે. જયારે આ સ્થિતિ વચ્ચે નવા માર્ગોનુ કામ હાલ થઈ શકે તેમ નથી. સ્ટોર્મ વોટર લાઈન એસ જી હાઈવે નીચેથી પસાર કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. ટાઉન પ્લાનીંગ સ્કીમ નં -૯ ના વિસ્તારમાં ટોપોગ્રાફી ઉપર નીચે છે. જેના લીધે ઉંચાણ પર સ્થિત આ વિસ્તારમાં વરસાદી પાણી એકત્રિત થાય છે જયારે આ વરસાદી પાણીનો નિકાલ કરવા માટે ટી પી સ્કીમ નં -૭ માં પહોંચાડવા માટે ગટર લાઈન સાથે જોડાણ આપવુ અનિવાર્ય છે. જયારે આ કામગીરીને અનુલક્ષી બોક્ષ પુસિંગ પદ્ધિત અપનાવાશે જેમાં જમીન અંદરથી લાઈન નાંખીને આ લાઈન એસ જી હાઈવેની બીજીતરફ લંબાવામાં આવશે પરંતુ આ કામગીરી કરવા માટે જમીનમાં ખોદકામ પણ વિશેષ રીતે થાય છે. જયારે આ ખોદકામ માટે ખાસ મશીનરીનો ઉપયોગ કરવો પડે તેમ છે. જયારે આ મામલે નેશનલ હાઈવે ઓથોરિટીની મંજુરી મેળવવાની પણ થાય છે. ગુડા વિસ્તારમાં વરસાદી પાણીની લાઈનને હાઈવે નીચેથી પસાર કરવા માટે નેશનલ હાઈવે ઓથોરિટીએ એક તબક્કે નનૈયો ભણી દીધો હતો. જયારે લાઈન નાંખવાની આ કામગીરી દરમિયાન રોડને પણ નુકશાન થાય અગર રોડ બેસી જાય તો નવી સમસ્યા સર્જાય તેવી સંભાવનાને ધ્યાનમાં રાખી આ બાબતે વિભાગે મંજુરી આપવાની અસંમતિ દર્શાવી હતી.

જો કે હવે આ કામ મહત્વનુ હોવાના લીધે ગુડાના અધિકારીઓની સમજાવટના અંતે નેશનલ હાઈવે ઓથોરીટીએ આ કામ સંદર્ભે મંજુરી આપવા માટે હકારાત્મક અભિગમ દાખવ્યો છે. પરંતુ આ કામગીરી પુર્વે ઓથોરીટીએ વાંધાસુચનો પણ મંગાવ્યા છે. જેના લીધે આ વહીવટી પ્રક્રીયા પુર્ણ થવામાં હજુ લાંબો સમય લાગે તેમ છે.

જયારે આ દરમિયાન ચોમાસુ પણ શરૂ થઈ જશે જેથી વરસાદી દિવસો પુર્ણ થાય ત્યાં સુધી આ કામગીરી શરૂ કરી શકાય તેમ નથી તેમ પણ સ્પષ્ટ થયુ છે. જેથી આગામી વરસાદી દિવસોમાં વાસણા હડમતિયા , ઉવારસદ, તારાપુર અને વાવોલ સહીતના વિસ્તારમાં વરસાદી પાણીનો જળબંબાકાર જોવા મળે તો નવાઈ નહીં. જયારે એસ જી હાઈવે નીચેથી સ્ટોર્મ વોટર લાઈન પસાર કરવાની કામગીરી પુર્ણ ન થાય ત્યાં સુધી નવા રસ્તાઓનુ નિર્માણ કામ પણ વિલંબમાં પડે તેવી સ્થિતિ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com